વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

બળવંતભાઈ વાઘજીભાઈ પટેલ
(૧૯૩૨) ફોન. ૨૩૨-૨૦૬૬૨

રમેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
(૧૯૩૫) ફોન. ૨૩૨-૨૨૬૫૫

સેક્ટર-૩/એ/ન્યુ માં આજે ભજન

સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવેના સ્મરણાર્થે તા. ૪થી જૂનના રોજ પ્લોટ નં. ૨૪૨/૨ શિવશક્તિ મંદિર સામે સે.૩-એ-ન્યૂ ખાતે સાંજના ૪ કલાકે રાખેલ છે. ભજનિકોને લાભ લેવા જણાવેલ છે.

આજથી સેક્ટર-૩૦માં શિવમહાપુરાણનો પ્રારંભ

યુવા કથાકાર ગૌસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૪ જૂનથી ૧૦ જૂન સુધી રાત્રે ૮.૩૦ કલાક, હોલીચોક, સર્વોદયનગર, સેક્ટર-૩૦ ગાંધીનગર ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન કરેલ છે. કથામાં પધારવા અને પુજામાં જોડાવવા શિવકથા સમિતિએ જણાવેલ છે.

ગાંધીનગર જિલ્લા એન.સી.પી. પ્રમુખ પદે ચતુરજી ઠાકોરની વરણી

ગુજરાત પ્રદેશ રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રમુખ અને સારસાના ધારાસભ્ય જયંત પટેલ (બોસ્કી)ના આદેશથી ગાંધીનગર જિલ્લા એન.સી.પી. પ્રમુખ તરીકે તાજેતરમાં ચતુરજી રેવાજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે. એન.સી.પી. યુથના પ્રદેશ પ્રમુખ નરેન્દ્રસિંહ વાઘેલા, એન.સી.પી.ના ઉપપ્રમુખ જે.આર. જાની, ડૉ. જગદીશચંદ્ર દાફડા, કરશનજી ઠાકોર, હિંમાશુ ભચેચ અને પ્રદિપસિંહ ચંપાવત સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવા વરાયેલા પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.

રાહત બચાવ કામગીરીના તાલીમાર્થીઓનો તાલીમ સમયને ફરજ તરીકે ગણાશે

ગાંધીનગર, તા. ૩

સ્પેશિયલ ફલક રેસ્ક્યુ તાલીમ વર્ગના તાલીમાર્થીઓના તાલીમ સમયને ફરજ ગણવાનો સરકારે નિર્ણય કર્યો છે.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા નૌકા તાલીમ કેન્દ્ર શિનોર વડોદરા દ્વારા સમુદાય આધારિત આફત સામેની પૂર્વતૈયારીના વિશિષ્ટ અભિગમને ધ્યાને લઈ આપત્તિ વ્યવસ્થાપન શમનના લાંબાગાળાની વ્યુહરચનાના ભાગરૂપે સ્પેશિયલ ફલક રેસ્ક્યુ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

નગરો શહેરો ગામો સરકારી અર્ધસરકારી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંગઠનોમાં સેવા આપતા કર્મચારીઓ ગ્રામ કક્ષાના સ્વયંસેવકો વગેરેને બચાવ કામગીરી અને તે અંગે ઉપલબ્ધ સાધનોના ઉપીયોગ પ્રાથમિક સારવાર વગેરે જેવી તાલીમ આપવામાં આવે છે.

આ તાલીમ વર્ગમાં જોડાનાર સરકારી બિન સરકારી કર્મચારીઓ માટે તેઓને અપાતી તાલીમ દરમ્યાન તેઓના ફરજના ભાગરૂપે મળતા લાભો ઉપલબ્ધ કરાવવા અને તાલીમ સમય દરમ્યાન પેઈડલીવ આપવા માટે વિભાગ દ્વારા એક દરખાસ્ત કરવામાં આવી હતી. આ તાલીમમાં જોડાનાર તાલીમાર્થી સરકારી કર્મચારીઓને તાલીમનો સમયગાળો ફરજ તરીકે ગણવાની બાબત સરકારે વિચારણા હાથ ધરી હતી.

રાજ્ય સરકારે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા આયોજીત સ્પોન્સર્ડ સ્પેશીયલ ફલક રેસ્ક્યુ તાલીમ કાર્યક્રમના તાલીમાર્થી સરકારી કર્મચારીઓને તાલીમનો સમયને ફરજ તરીકે ગણવાનો નિર્ણય લીધો છે.

તાલીમના આ સમય એક વર્ષમાં વધુમાં વધુ ૧૦ દિવસ મળવાપાત્ર થશે. આ પ્રકારના તાલીમ પ્રોગ્રામ કોર્સ માટે રાહત કમિસનર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર જિલ્લા કલેકટરને જરૂરિયાતના સંજોગોમાં બચાવ કામગીરી માટે જે તે સમયે તાલીમ લીધેલ સરકારી કર્મચારી ઉપલબ્ધ થઈ શકે તેવી રીતે આ તાલીમ માટે તાલીમાર્થીની પસંદગી કરવાની યોગ્ય પદ્ધતિ અનુસરવાની રહેશે.

રાજ્યના હવામાનમાં પલટો ગરમી ઘટી : વાદળછાયું વાતાવરણ

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ આજે હવામાનમાં પલટો આવવા પામ્યો છે. ગરમીમાં ઘટાડો થવા સાથે વાતાવરણ વાદળછાયુ રહેવા પામ્યું હતું.

મુંબઈના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવા પામ્યો છે. આથી ગુજરાતમાં પણ આગામી એક સપ્તાહ બાદ પ્રીમોનસુનનો પ્રારંભ થાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમી પડી રહી છે. આ ગરમી બાદ આજે હવામાનના એકાએક પલટો આવવા પામ્યો હતો. આજ દિવસ દરમ્યાન ગરમીમાં ઘટાડો થવા પામ્યો હતો જો કે ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહેતા જાણે કે ચોમાસાનો પ્રારંભ થવાનો હોઈ તેવુ વાતાવરણ સર્જાયુ હતુ.

ફલડ રીસ્ક મીટીગેશન મેનેજમેન્ટ વિષય પર ૧૪ થી ૨૨ જૂન તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં પ્રી મોનસુનની આગોતરી તૈયારીના ભાગરૂપે રાહત બચાવ કામગીરીની તાલીમ કર્મચારીઓને આપવા આગામી ૧૮મી જૂનથી પાંચ દિવસ માટે ફલડ રીસ્ક મીટીગેશન મેનેજમેન્ટ વિષય પર આ તાલીમ કાર્યક્રમ યોજાનાર છે.

રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટીના મુખ્ય કારોબારી અધિકારીએ એક પત્ર વિભાગોને લખ્યો છે જેમાં એવું જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય મલ્ટી આફતો વાળુ રાજ્ય છે. રાજ્યમાં વારંવાર પુર, વાવાઝોડુ, ભૂકંપ, દુષ્કાળ અને ઔદ્યોગિક દુર્ઘટનાઓએ બનતી રહે છે.

પત્રમાં એવું જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યએ કુદરતી અને માનવ સર્જીત આફતોનો સામનો કર્યો છે. કુદરતી આપત્તિઓમાં રાહત બચાવ કામગીરી માટે સજ્જ માનવબળ ઉપલબ્ધ થાય તે માટે ગુજરાત રાજ્ય આપત્તી વ્યવસ્થાપન ઓથોરીટી અને એનઆઈડીએમના સહયોગમાં અમદાવાદના સ્પીપા ખાતે આગામી ૧૮મી જૂન થી ૨૨મી જૂન સુધી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમ કાર્યક્રમમાં વર્ગ-૧-૨ ના અધિકારીઓને મોકલવા માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે. તાલીમ કાર્યક્રમમાં ભાગ લેનાર અધિકારીઓ માટે રહેવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

આયુર્વેદના સર્વરોગ નિદાન યજ્ઞમાં ૫૦૦ થી વધુ લાભાર્થી નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર ઈન્દ્રોડા સર્કલ નજીક આવેલ સ્વામિનારાણ ધામ ખાતે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા આજે એક સર્વરોગ નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે યોજાયેલ આ નિદાન યજ્ઞ દરમ્યાન ૫૦૦ થી પણ વધુ દર્દીઓએ લાભ લઈ સ્વાસ્થ્ય ચિકિત્સા કરાવી હતી. ખાસ કરીને મેદસ્વિતા, સાંધાના દુઃખાવા, હાયપર ટેન્શન સહિતના વિવિધ રોગના દર્દીઓ આ કેમ્પમાં નોંધાયા હતા.

આ કેમ્પમાં ડૉ. દક્ષેન ત્રિવેદી, ડૉ. અમીત પટેલ, ડૉ. મહેશ પરમાર, ડૉ. વૈશાલી અભિયાણી, ડૉ. મિના જોષી, ડૉ. મમતા દેસાઈએ સેવાઓ આપી હતી. આ કેમ્પમાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલ સતત ઉપસ્થિત રહી સૌને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર શહેર અને જિલ્લામાં આયુર્વેદની સેવાઓનો વ્યાપ વધે તે માટે તંત્ર દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સંદલ અને ઉર્સ મુબારક ઉજવાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સેકટર-૨૮ આદિવાડા ખાતે આવેલ હઝરત બાલન શહીદ દરગાહનો સંદલ આજે તા. ૪થી જૂનને સોમવારે રાત્રે ૮.૦૦ કલાકે અને તા.૫મીને મંગળવારે ઉર્સ મુબારક શાનો સોકતથી ઉજવવામાં આવશે તો આ પ્રસંગે સંદલ અને ઉર્સની ઉજવણીમાં ગાંધીનગરના તથા આસપાસના મુસ્લિમ બિરાદરોને પધારવા ખિદમતગાર, રફિક બાપુ, આબીદભાઈ મેમણ અને સલીમ શેખે ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

ગુડા વિસ્તારમાં ૨૬૪ ડસ્ટબીનનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૩

ગુડા દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેક્ટ અન્વયે ગુડા વિસ્તારમાં સ્થિત વિવિધ સોસાયટીના રહિશોને વિનામૂલ્યે ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બેંક ઓફ બરોડાનો બિલ્ડર અને ઉદ્યોગપતિઓ સાથે 'ગેટ ટુ ગેધર'

ગાંધીનગર, તા. ૧

અમદાવાદ સીટી રીઝયન રાટેઈલ લૉન ફેકટરીના સહયોગથી તા. ૨૯મી મે ના રોજ ગેમિયા કમિટિ અને ગાંધીનગર બિલ્ડર એસોસીએશન કમિટિની ઉપસ્થિતિમાં ગેટ ટુ ગેધર ૨૦૧૨-૧૩ બેંક ઑફ બરોડા અમદાવાદ સીટી રીજીયનના નવનિયુક્ત ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી મનોરંજન ભૂયાના અધ્યક્ષ સ્થાને યોજાતો હતો.

રીટેઈલ લોન ફેકટરીના ચીફ મેનેજર શ્રી જે. એસ. પટેલનાં સ્વાગત પ્રવચન કર્યું હતું. સેકટર-૨૧ શાખાના ચીફ મેનેજર શ્રી સકસેના એ ડી.જી. એમ શ્રી ભૂયાનું સ્વાગત કર્યું હતું.

ઈન્ફોસીટીના સીનીયર મેનેજર શ્રી કે.સી. રાઓલે ગેમીયાના પ્રેસીડેન્ટ શ્રી એચ.એમ. પટેલનું સ્વાગત કર્યું હતું. ગેમીયા શાખાના મેનેજરશ્રી યશેષ વૈષ્ણવે બિલ્ડર અગ્રણી શ્રી બંકીમ જોષીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ આસીસ્ટ. જનરલ મેનેજર અને ડી. આર. એ સબ પી.જે. ભાલીયા એ બેંકની વિવિધ ગ્રાહક સેવાઓ અને પ્રેક્ટિકલ વિશે વિસ્તૃત માહિતી આપી. ડી.જી. એમ શ્રી ભૂયાએ સર્વિસ સેકટરમાં બેંકની ગ્રાહક સેવા વધારે આપવા જણાવ્યું હતું. તાજેતરનાં સમયમાં હરિફાઈમાં ટકવા માટે ગ્રાહક સેવા એજ પ્રભુ સેવા, ધર્મ અપવાવવો રહ્યો. ગેમીયા એસોસીએશન અને બિલ્ડર અગ્રણીઓ તરફથી બેંકની પ્રોજેક્ટ ફાઈનાન્સને લગતી માહિતી બેંક ઑફ બરોડાને સહકાર આપવાની ખાત્રી આપી હતી.

આભાર વિધિ વિધાનસભા શાખાના ચીફ મેનેજર આર. કે. ચૌહાણે કરી હતી. સમગ્ર કાર્યક્રમને કો - ઓડીનેટર તરીકે બેંકની ગેમીયા શાખાએ મહેનત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગૌતમ મરચન્ટે કર્યું હતું.

રાજ્યના દસ શહેરોમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવા સાયકલ રેલીનું આયોજન

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવા ગુજરાત રાજ્યના વન તથા પર્યાવરણ વિભાગ હસ્તક કામ કરતું ગુજરાત ઈકોલોજી કમિશન (જીઈસી) જૂન, ૫, ૨૦૧૨ ના રોજ રાજ્યના વિવિધ શહેરોમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સાયકલ રેલીનું આયોજન કરશે. આ રેલી યોજવા પાછળનો મૂળ હેતુ પર્યાવરણને લગતાં વિવિધ મુદ્દાઓ તથા ટકાઉ વિકાસ અંગે તથા પર્યાવરણને નડતી સમસ્યાઓ દૂર કરવાના વિવિધ ઉપાયો અંગે જનતામાં જાગૃતિ ફેલાવવાનો છે. સ્થાનિક સરકારી વિભાગોના અધિકારીઓ, એનજીઓ, સામાજિક તથા ઔદ્યોગિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ અને પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓ આ રેલીમાં મોટી સંખ્યામાં ભાગ લેશે.

અમદાવાદ ખાતે યોજાનારી આ પ્રકારની રેલીનો રાજ્યના વન તથા પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ લીલી ઝંડી ફરકાવીને પ્રારંભ કરાવશે અને તે પ્રસંગે વન તથા પર્યાવરણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કિરીટસિંહ રાણા પણ ઉપસ્થિત રહેશે. જીઈસી દ્વારા આ રેલીનું આયોજન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી તથા વન અને પર્યાવરણ વિભાગના સમર્થનથી કરવામાં આવ્યું છે. આ રેલીઓ રાજ્યના દસ શહેરો અનુક્રમે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જૂનાગઢ, જામનગર, ભાવનગર, વાપી, અંકલેશ્વર અને રાજ્યના પાટનગર ગાંધીનગરમાં યોજવામાં આવશે અને આ તમામ દસ રેલીમાં કુલ પાંચ હજાર વ્યક્તિઓ ભાગ લેએવી ધારણા છે. રેલીમાં ભાગ લેનારા વ્યક્તિઓ પર્યાવરણની જાળવણી અંગેના સૂત્રો દર્શાવતા બેનરો પણ દર્શાવશે.

ગુજરાતના વન તથા પર્યાવરણ વિભાગના અગ્રસચિવ આઈએએસ શ્રી એસ કે નંદાએ જણાવ્યું હતું કે પર્યાવરણની દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતમાં જંગલો, દરિયાકિનારાનો વિસ્તાર, સુકા પ્રદેશો, દરિયાઈ સૃષ્ટિ, કોરલ રિફ અને પર્વતીય વિસ્તારો વગેરેના સ્વરૂપમાં ભરપૂર વિવિધતાઓ રહેલી છે. આવી વિવિધ પ્રકારની પર્યાવરણને લગતી પરિસ્થિતિઓ અને ભૌગોલિક વિસ્તારોની વિવિધતાને કારણે રાજ્યમાં પર્યાવરણને લગતી વિવિધ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. વધતી જતી વસતી અને મોટા ઔદ્યોગિક ગૃહોની ઉપસ્થિતિને કારણે પર્યાવરણનું જતન કરે એવી પ્રવૃત્તિઓ રાજ્યનો પ્રત્યેક નાગરિક પોતાના ઘરેથી કે વાણિજ્યના સ્થળેથી હાથ ધરે એ અત્યંત મહત્ત્વનું બની જાય છે.

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | R.FIXIT FOR HEALTHY CONSTRUCTION | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સમાચાર ઝલક

- નૌકાદળનાં જહાજ હવે ભાવનગરમાં બનશે.
- પરંપરાગત ગુજરાતી લોકો હવે અન્ય ખાદ્ય તેલો તરફ.
- ચોમાસા માટે આગામી બે થી ત્રણ દિવસ અતિ મહત્ત્વનાં.
- ફિલ્મ અભિનેત્રી તથા સંસદ સભ્ય રેખાને આઇફા એવોર્ડ સિંગાપોરમાં અપાશે.
- ભારતરત્નની દોડમાં સચિન કરતાં આગળ વિશ્વનાથન આનંદ.
- ક્રિકેટ બાદ શાહરૂખ ખાન ફૂટબોલ પર દાવ લગાવશે.
- ઉજ્જૈનના મહાકાલેશ્વરને પણ મોંઘવારી નડી, લાડુનાં તથા ડ્રાયફ્રૂટનાં પ્રસાદમાં ભાવવધારો કરવામાં આવ્યો.
- ૬૫ વર્ષે પણ હેલ્થ વીમો મળશે, ઇરડાનો મહત્ત્વનો નિર્ણય.
- શ્રાઇન બોર્ડની નવી ટેકનિકથી હવે અમરનાથ હિમલિંગ ઝડપથી નહી પીગળે.
- કૃષિ મહોત્સવમાં માત્ર ૨૫ દિવસમાં જ ૧૭.૭૫ લાખ ખેડૂતોને કૃષિ સહાય પેટે રૂા. ૭૨૦ કરોડનું વિતરણ.
- રાજસ્થાનના ધોલપુરમાં અગ્નિવર્ષા : તાપમાન ૪૮.૮ ડીગ્રી.
- એમ.બી.એ. થયેલી શિવાની જોશીએ શાકભાજીનો એ.સી.સ્ટોર ખોલ્યો : તાજી શાકભાજી મળશે.
- બેંક વીમા કામદારો માટે આનંદો : ગ્રાહક ભાવક ૪ પોઇન્ટ વધીને ૨૦૫ થયો.
- ગુજરાતના ૪૫ ધારાસભ્યોની જન્મ તારીખ જૂન માસમાં આવે છે.
- એક તરફ ગાયની પૂજા, બીજી તરફ કતલ : ગૌમાંસ નિકાસમાં ભારત વિશ્વભરમાં નંબર વન, ૨૦૧૨ માં ૧૫ લાખ ટન ગૌમાંસની નિકાસ થશે.
- વાપીમાં જી.આઇ.ડી.સી.માં ટેક્ષટાઇલ મીલમાં ભીષણ આગ.
- વડોદરામાં વેકેશન ગાળવા બહેન ઘેર ગયેલી ૧૩ વર્ષની કિશોરીનો બનેવી દ્વારા બળાત્કાર.
- વલ્લભીપુરમાં ગરીબ કલ્યાણ મેળાની વિતરણ સહાયથી એજન્ટો બન્યા માલામાલ.
- સોના-ચાંદીમાં તેજી રૂા. ૩૦,૦૦૦ ની સપાટી વટાવી.
- પાકિસ્તાને તેનું સંરક્ષણ બજેટ રૂા. ૫૨૫ અબજનું વર્ષ ૧૨૧૨-૧૩ નું મંજૂર કરેલ છે : ગત વર્ષ કરતાં ૧૦ ટકાનો વધારો.
- ખેરાળુમાં ટ્રક પલટી ખાતાં ૩નાં કરૂણ મોત.
- કર્ણાટકમાં ભાજપના ધારાસભ્યને લાંચ ભ્રષ્ટાચારનાં મુદ્દે લોકાયુક્તને સાડા ત્રણ વર્ષની સજા કરી.
- મથુરામાં સામાન્ય વિવાદથી ભડકેલી હિંસા, કર્ફ્યુ લાગુ
- તા.૯ અને ૧૦ જૂને રાજકોટમાં ભાજપની પ્રદેશ કારોબારી મળશે, રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે.
- વૈશ્વિક સ્તરે રૂપિયાનું મૂલ્ય ઘટશે તો રિઝર્વ કશું કરી શકશે નહીં.
- ઇજિપ્તનાં પૂર્વ પ્રમુખ હૂસ્ની મુબારકે આજીવન કેદ
- રાષ્ટ્ર હિતની વાત કરીએ તો રાષ્ટ્રદોહી કહેવાય : રામદેવ.
- ઓરિસ્સામાં બીજુ પટનાયકે અસંતુષ્ટને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા. રાજકીય સંકટ

ગાંધીનગરમાં પાંચ દિવસ આર્ટ ઓફ લીવીંગના વર્ગો યોજાશે

ગાંધીનગર, તા. ૩

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા તા. ૫ થી ૧૦ જૂન સુધી સવારે ૬ થી ૮.૩૦ કલાક, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ સેક્ટર-૧૧ અને સાંજે ૬.૩૦ થી ૯.૦૦ જી.ઈ.બી. કોલોની ખાતે શિબિર રાખવામાં આવેલ છે.

આ શિબિરમાં સુદર્શનક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનને સુમેળ બનાવવા પ્રયાસ હાથ ધરવામાં આવશે. શિબિરમાં જોડાવા ઈચ્છુક નગરજનોએ સ્થળ પર અથવા સુરેશભાઈ ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવો.

શાળા પ્રવેશોત્સવના પ્રારંભે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભરચક મિટીંગોમાં વ્યસ્ત બનેલ છે. મળતી વિગતો પ્રમાણે પ્રવેશોત્સવને લઈ રાજ્યભરના બાળકોને શાળાના પ્રાંગણમાં આવકારવા માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી વાયુપ્રવચન કરશે અને બાળકોતથા વાલીઓને અભિનંદન આપી શિક્ષણના સાર્વત્રીકરણ માટે સરકારે હાથ ધરેલા પ્રયાસોની જાણકારી આપશે.

સવારે ૧૦ વાગ્યાના સુમારે તેઓ આ પ્રવચન આપશે. ૧૪ થી ૧૬ જૂન દરમ્યાન યોજાનાર પ્રવેશોત્સવ પૂર્વે તેઓ પ્રવેશોત્સવમાં જનારા અધિકારીઓ સાથે ટાઉનહોલ ખાતે એક વિશેષ બેઠક યોજી અને માર્ગદર્શન પણ આપનાર છે.

શાળા પ્રવેશોત્સવના આ કાર્યક્રમ માટે જિલ્લામાં ૩૨ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે તેમજ રાજ્યકક્ષાના ૮ અધિકારીઓ જિલ્લાને ફાળવવામાં આવ્યા છે. જેમાં ત્રણ સનદી અધિકારીઓ, ચાર વન વિભાગના અધિકારીઓ તેમજ એક પોલીસ અધિકારી હોવાનું જાણવા મળેલ છે. આ પ્રવેશોત્સવમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ ઉપરાંત ત્રણ જેટલા બોર્ડ-નિગમના અધ્યક્ષો પણ જોડાવાના છે.

જિલ્લામાં પ્રવેસોત્સવ દરમ્યાન આ વખતે ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે તંત્રએ ૧૧મી જૂને શાળાના આચાર્યોની ખાસ બેઠકનું પણ આયોજન કર્યું છે. નવા નિર્માણ પામેલ વર્ગખંડોનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત ધો. ૭ સુધીનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા હતા તે રકમનું વિતરણ પણ કરવામાં આવનાર છે.

એક દિવસમાં પાંચ સ્કૂલોમાં પ્રવેશોત્સવમાં અધિકારીઓ હાજરી આપશે. પ્રવેશોત્સવ દરમ્યાન અધિકારીઓ દ્વારા તિથીભોજન માટે ગ્રામજનોને આગ્રહ કરશે એટલુ જ નહિ તેઓ પણ બાળકો સાથે જ ભોજન લેશે.

શાળા પ્રવેશોત્સવના આ કાર્યક્રમમાં રાજ્ય અને જિલ્લાના મળી ૫૦ થી પણ વધુ અધિકારીઓ જોતરાશે.

શબ્દાવલી - ૪૭૪૭



આડી ચાવી

૧. સંગેમરમર, ચમકતો પથ્થર (૬)
૪. મહોર, મુદ્રા, છાપ (૨)
૫. વીમો ઉતારનાર માણસ (૫)
૯. સાર, સત્ત્વ (૨)
૧૦. ખાંધે બોજો ઉપાડવા બનાવેલી તુલા (૩)
૧૧. હાક (૩)
૧૩. ધક્કો ઝીલી લેવા થતી યાંત્રિક રચના (૩)
૧૫. જન્માક્ષર, જન્મકુંડળી (૩)
૧૭. અભિયાન (૨)
૧૮. આવક, નફો, પાક (૩)
૨૦. ત્રણ અણીઓ વાળુ એક હથિયાર (૨)
૨૧. બધી રીતે (૩)

ઊભી ચાવી

૧. રોજી રોટી (૪)
૨. પાનખર ઋતુ.... ડ (૩)
૩. ફલશ, ફોર્સથી પાણી જવાની યાંત્રિક રચના (૩)
૪. સૂરત, ચહેરો (૩)
૬. સાર સંભાળ (૪)
૭. જાહેરાત, એડવર્ટાઈઝનું ટૂંકુ રૂપ (૨)
૮. હાફ પેન્ટ શબ્દ આડોઅવળો (૪)
૧૨. હાથ, હસ્ત (૨)
૧૪. ઝંઝાળ, સંસારની માયા (૪)
૧૫. જાયફળ ઉપરનું સુગંધીદાર છોડુ (૩)
૧૬. પંકજ એક ફૂલ (૩)
૧૮. ખારું-ખારું.... જેવું, પ્રચલિત વાક્ય (૨)
૧૯. પ્રસંગ, ઉત્સવ (૨)

શબ્દાવલી ૪૭૪૬ના જવાબ

આડી ચાવી :- (૧) પડકાર (૩) અવેજી (૬) કારસ્તાન (૭) લઘુ (૯) વાળ (૧૦) ભર (૧૨) કાજળ (૧૫) ધસમસતુ (૧૭) નિજી (૧૯) વીજળી (૨૦) જીવાત (૨૧) ધન (૨૨) પસવારવું

ઊભી ચાવી :- (૧) પહેલ (૨) રકાસ (૩) અસવાર (૪) વેતાળ (૫) જીન (૮) ઘુસ (૧૦) ભળતું (૧૧) વિધવિધ (૧૨) કામળી (૧૩) જસ (૧૪) શનિવાર (૧૬) સજન (૧૮) જીતવું (૨૦) જીવા

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

વઢવાણ નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ **શ્રી નવીનચંદ્ર ચુનીલાલ દવે**ની આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ છે. પ્રભુ એ આત્માને અનંત શાંતિ આપજે....

વિષાદ ભર્યું વર્ષ વિતી ગયું,
પરિવારનું સુખ ચેન ગયું.
ઓ ભોળા શંભુ તારી ભક્તિ દેજે
એમની યાદમાં જ જીવાડજે

સુન્દર નવીનચંદ્ર દવે
જયેશ નવીનચંદ્ર દવે
દિલેશ નવીનચંદ્ર દવે (U.S.A.)
મીના યોગેનકુમાર શુક્લ
રત્ના જયેશ દવે
વીણા દિલેશ દવે (U.S.A.)
ચિરાગ, ધારિન, ઝલક, કંદર્પ (U.S.A.)